GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## Press Note

૫ જુલાઇ, ૨૦૧૯

વર્ષ ૨૦૧૯-૨૦ નું કેન્દ્રીય અંદાજપત્ર આજ રોજ ભારતના નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. આ બજેટ અંગે પ્રત્યાઘાત આપતાં GCCIના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચ તેમજ તેમની હોદ્દેદારોની ટીમે જણાવ્યુ હતું કે આ બજેટ મુખ્યત્વે એક અનુકૂળ, સામાજીક ઉન્નતિ તરફી અને દિર્ઘદૃષ્ટિ વાળું બજેટ ગણી શકાય.

GCCIના હોદ્દેદારોએ વેપાર-ઉદ્યોગને ધ્યાને લઇ નીચે મુજબના ખાસ પ્રત્યાઘાતો આપ્યા હતા :

- બજેટમાં બાકી રહેલ તકરારના કિસ્સાઓ (Litigation) માટે જાહેર કરવામાં આવેલ Legacy Dispute Resolution Scheme લાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ સ્કીમ જો ઉદાર અને વ્યવસાયલક્ષી રાખવામાં આવશે તો તેનાથી જીએસટીના અમલીકરણ થકી ઉદ્ભવતા તકરારોનું ત્વરિત નિવારણ થઇ શકશે અને તેનાથી વેપાર-ઉદ્યોગોને ખુબ મોટી રાહત મળી રહેશે.
- ઘણાં કિસ્સાઓમાં જીએસટીના માસીક રીટર્ન ભરવાની જોગવાઇને બદલે તેને ત્રિમાસીક કરવાથી વેપાર-ઉદ્યોગને રાહત મળશે
- બજેટમાં ઇલેક્ટ્રોનીક ઇન્વોઇસ સીસ્ટમ લાવવાની જાહેરાત કરવામાં આવી છે જેથી નિકટ ભવિષ્યમાં ઇ-વે બીલની જરૂરિયાત રહેશે નહીં અને જીએસટીને વધુ સરળ બનાવી શકાશે.
- ઉચ્ચ આવક ધરાવતા જુથ માટે સરચાર્જ નાંખવામાં આવ્યો છે જે હાલની સામાજીક પરિસ્થિતિને જોતાં જરૂરી જણાય છે.
- આ બજેટમાં બેન્કમાંથી વાર્ષિક રૂા.૧ કરોડથી વધુ રોકડ રકમ ફાળવવા પર બે ટકા ટીડીએસ લગાવવામાં આવ્યો છે. વધુમાં ડીજીટલ ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડીસ્કાઉન્ટ રેટ લગાવવામાં આવશે નહીં અને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા NEFT અને RTGS પર ચાર્જ નાબુદ થયો છે તેવી જાહેરાત કરાઇ છે. આ મહત્ત્વના પગલાં થકી ડીજીટલ પેમેન્ટ અને Less Cash આધારીત અર્થતંત્ર સ્થાપિત કરવામાં મોટી મદદ મળી રહેશે અને ભવિષ્યમાં ભ્રષ્ટાચારને ડામવા અને વિવિધ પદ્ધતિઓને વધુ ઝડપી અને પારદર્શક બનાવવા મદદ મળશે.
- પાન કાર્ડ અને આધારકાર્ડને એકબીજાના વિકલ્પ તરીકે રીટર્ન ભરવા વિગેરેમાં રજુ કરી શકાશે જે એક આવકારદાયક પગલું છે અને તેનાથી tax net નો વિસ્તાર થશે અને તેના ફાયદાઓ અને પરિણામો વધુ બહોળા બની રહેશે.
- Affordable Housing ના ખરીદ માટે ડીડક્શન આપવામાં આવ્યું છે જે આવકાર્ય છે.
- સ્ટાર્ટ અપ અંગે આ બજેટમાં ઘણાં સારા પગલાંઓ લેવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે સ્ટાર્ટ અપ એકમોને તેમના શેર વેલ્યુએશન માટે આપવામાં આવેલ સ્વતંત્રતા અને ટેક્ષ સ્ક્રુટિની માંથી મળેલ રાહત ખૂબ આવકાર્ય બાબત છે. વધુમાં સ્ટાર્ટ અપ માટેની ટી.વી. ચેનલ શરુ કરવાની જાહેરાત પણ આવકાર્ય છે.
- ઇલેક્ટ્રીક વાહનો માટે બજેટમાં ઘણાં સકારાત્મક પગલાંઓ લેવામાં આવ્યા છે તે આવકાર્ય છે અને ઓટોમોબાઇલ સેક્ટરના વિકાસ માટે તે મદદરૂપ બનશે.
- MSME એકમો કે જે ૨૫૦ થી ૪૦૦ કરોડની વચ્ચે ટર્નઓવર ધરાવતા હતા તેનો કોર્પોરેટ ટેક્ષના સ્લેબ વધારવાને કારણે મોટી રાહત મળી રહેશે. આ રાહત તમામ ઉદ્યોગોને મળશે એટલે આવકાર્ય છે.

GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## Press Note



- દેશમાં હાલમાં પ્રવર્તતા વિવિધ શ્રમ કાયદાઓ ના સરળીકરણના ઉદ્દેશથી બજેટમાં તેમનું વિલિનીકરણ કરી ચાર મુખ્ય લેબર કોડમા તબદીલ કરવાનું પગલું લેવામાં આવ્યું છે જે ખુબજ આવકાર્ય છે. આના કારણે "Ease of Doing Business"ને પ્રોત્સાહન મળશે અને શ્રમ અંગેના વિવાદો ઘટાડવા તે મદદરૂપ બની રહેશે.
- બજેટમાં "One Nation One Grid" (ગેસ, જળ, ધોરીમાર્ગ અને ઉડ્ડયન) સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે જેનાથી વેપાર-ઉદ્યોગનેમોટું પ્રોત્સાહન મળશે.
- નેશનલ રીસર્ચ ફાઉન્ડેશન આપવાની જાહેરાત ખબુજ અગત્યની છે અને તેનાથી વેપાર-ઉદ્યોગમાં જરૂરી તેવા R&D માટે મદદ મળશે.
- ઉદ્યોગોને વ્યાજબી મુલ્ય ઉર્જા મળે તે માટે નવું પેકેજ આપવા જાહેરાત કરાઇ છે. આ પેકેજ ઉદ્યોગોને જો સારું હશે તો તેનાથી ઉદ્યોગોને ઘણો ફાયદો થશે.
- રૂા.૭૦ હજાર કરોડની પબ્લીક સેક્ટર બેન્કને જાહેર કરેલ રાહત દ્વારા બજારમાં વધુ નાણા ફરતા થશે જેનાથી વેપાર-ઉદ્યોગને વેગ મળશે.
- બજેટમાં મહિલા સંચાલિત Self Help Groups ને મળતી વ્યાજ સહાયને બધાં જ જીલ્લાઓ સુધી વિસ્તરણ કરવાનું પગલું લેવામાં આવ્યું છે. વધુમાં "**નારી તુ નારાયણી**"ની પરંપરાને અનુલક્ષીને દરેક Self Help Groups ના મહિલા સભ્યને રૂા.૫,૦૦૦/-નો ઓવર ડ્રાફ્ટ અને Self Help Groups દીઠ એક મહિલાને મુદ્રા સ્કીમ અંતર્ગત રૂા. ૧ લાખની લોન આપવાની જાહેરાત કરાઇ છે જેથી ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓને પ્રોત્સાહન મળશે.
- આ બજેટમાં પહેલી નજરે ગુજરાતના મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્રો અંગે કોઇ ખાસ મોટી રાહત અથવા સહાય આપવામાં આવી હોય તેવું દેખાતું નથી, જેની રાજ્યના વેપાર-ઉદ્યોગ આશા રાખતા હતા તેમ છતાં એકંદરે વેપાર-ઉદ્યોગને જે રાહતો આપવામાં આવી છે તેનો લાભ આ ક્ષેત્રોને પણ અમુક અંશે મળી રહેશે.
- પેટ્રોલ અને ડીઝલ ઉપર રૂા.૧/ લીટરનો સેસ ની જાહેરાત ઉદ્યોગો પર વિપરીત અસર કરશે.
- બજેટમાં Make In India અંગે તેમજ આયાત ને ઘટાડવા અને ઉત્પાદનના મુખ્ય ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા અંગે સ્પષ્ટતા જરૂરી છે.

GCCIના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે એકંદરે આ બજેટ સંતુલિત, લાંબાગાળે ફાયદો કરનાર દિર્ઘદષ્ટિવાળું તેમજ વિકાસની દિશા પકડીને ચાલનારું બજેટ છે.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિધ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

5/7 2019.

**કતુ દેસાઇ**
*સેક્રેટરી જનરલ*